**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૩ ટકા

# રવિવારે શહેરની હોટલો ઉભરાઈ

## અનલોકમાં વધારાની છૂટછાટ બાદના પ્રથમ રવિવારે સ્વાદરસિયા ઉમટયા

ગાંધીનગર, તા.૧૪


અનલોક બાદ પહેલો રવિવાર... રાજય સરકાર દ્વારા કોરોના વાયરસની મહામારી વચ્ચે તબક્કાવાર ધંધા રોજગારમાં આંશિક છૂટછાટ આપવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગરમાં કોરોનાનું સંક્રમણ નહિવત જોવા મળી રહ્યું છે જેને પગલે રાજય સરકારના આદેશ અનુસાર હોટલ-રેસ્ટોરન્ટસ માટે કેટલીક છૂટછાટ મળી છે. ગાંધીનગર શહેરમાં આવેલી વિવિધ હોટલ રેસ્ટોરન્ટસને ૫૦ ટકા બેઠક વ્યવસ્થા સાથે છૂટ આપવામાં આવી છે. ઓનલાઈન ફુડ ડિલીવરી સેવા કાર્યરત છે જે રાત્રીના ૧૨ વાગ્યા સુધી ચાલુ હોય છે. ટેક અવેનો સમય રાત્રીના ૧૦ વાગ્યા સુધીનો છે અનલોક બાદ પહેલો રવિવાર જેમાં ગાંધીનગર તથા આસપાસના વિસ્તારની વિવિધ રેસ્ટોરન્ટસમાં સ્વાદિષ્ટ ભોજન માણવા માટે સ્વાદરસિયાઓની ભીડ ઉમટી ગઈ હતી. ગાંધીનગર સ્થિત કુડાસણ, સરગાસણ, સેકટર-૧૬, ઘ-૫ ચોપાટી, ખાણીપીણી બજાર રિલાયન્સ સર્કલ વગેરે સ્થળો પર સાંજે અને રાત્રિ દરમિયાન ભીડ જોવા મળી હતી. આરામથી બેસીને ભોજન કરવાના રસિયાઓને લીધે શહેર બહાર આવેલી હોટેલ્સ અને ધાબાઓ પર જાણે કીડિયારું ઉભરાઈ રહ્યું હતું.


પ્રતિકાત્મક ફોટો

ગાંધીનગરના શહેરીજનો સ્વાદના શોખીન એટલે અઠવાડિયામાં એક રજા મળે તેનો ભરપુર ઉપયોગ કરી લે છે. મોટાભાગના લોકો જન્મદિવસ નિમિત્તે રેસ્ટોરન્ટસમાં જમવા જાય છે. પણ કોરોનામાં કેટલા બધા જન્મદિવસ ઉજવણી વગર જતા રહ્યા. અનલોક બાદ પહેલો રવિવાર જેમાં શહેરીજનોએ રેસ્ટોરન્ટસમાં જઈને પોતાની મનપસંદ વાનગીઓનો સ્વાદ માણ્યો હતો. ગાંધીનગરની તમામ હોટલો રસિયાઓથી ઉભરાઈ ગઈ હતી અને વઈટિંગમાં પણ વધારે સંખ્યા જોવા મળી હતી. રાત્રી દરમિયાન રસ્તાઓ પર ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી. રેસ્ટોરન્ટસમાં માલિકોને પણ એક જ દિવસમાં કમાણી કરી લઈએ તેવી લાલસા થઈ હશે અને આથી રેસ્ટોરન્ટસના માલિકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. કેટલીક હોટલોમાં રાત્રે સાડા નવ બાદ પણ પડદા પાડીને ગ્રાહકોને જમાડયા હતા.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન યોગ સપ્તાહનો શુભારંભ



ગાંધીનગર, તા.૧૪

કામધેનુ યુનિવર્સિટી કર્મયોગી ભવન દ્વારા સાતમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે લોકોમાં યોગ અંગે જાગૃતતા લાવવા માટે ઓનલાઈન યોગ સપ્તાહની ઉજવણી તા.૧૪-૨૦ જુન દરમિયાન યોજાનાર છે. જેનો શુભારંભ ઓનલાઈન યોગ પ્રશિક્ષણ સત્ર દ્વારા યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એન.એચ.કેલાવાલાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.એન.એચ. કેલાવાલાએ પ્રાચીન યોગની ગૌરવશાળી પરંપરાને યાદ કરતા જણાવ્યું કે, યોગએ ભારતના ઋષિમુનીઓ દ્વારા આપવામાં આવેલી અમૂલ્ય ભેટ છે. આ પ્રશિક્ષણ સત્રમાં યોગનું પ્રાયોગિક નિદર્શન યોગાચાર્ય વિરલભાઈ રાવલ, યોગઅર્ચનમ, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. યોગ સપ્તાહના પ્રથમ દિવસે કામધેનુ યુનિવર્સિટીના ૬૫૯ અધિકારીશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ અને કર્મચારીશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓએ વેબેક્સ તથા ફેસબુકના માધ્યમથી ઓનલાઈન પ્રશિક્ષણ સત્રનો લાભ લીધો હતો.

# 'સાધના' દ્વારા મનોદિવ્યાંગ ખેલાડીઓના વાલીઓ માટે અવેરનેસ વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૪

સ્પેશિયલ ઓલિમ્પિક્સ, ગુજરાત દ્વારા 'સાધના' પેરેન્ટ્સ એસોસિએશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સના સહયોગથી સ્પેશિયલ ઓલમ્પિકસ ફેમિલી ફોરમ અને અવેરનેસ ઓનલાઈન વેબિનારનું આયોજન રવિવારે કરાયું હતું.

મનોદિવ્યાંગ ખેલાડીઓનો રમતો દ્વારા આત્મવિશ્વાસ વધે છે અને તેવો સમાજમાં પોતાની અને પોતાના પરિવારની આગવી ઓળખ ઊભી કરે છે. સ્પેશિયલ ઓલમ્પિકસ આ ખેલાડીઓને લોકલ લેવલથી આંતરરાષ્ટ્રિય કક્ષા સુધી લઈ જવાનું કાર્ય કરે છે. સ્પેશિયલ ઓલમ્પિકસના કાર્યની માહિતી અર્થે ઓનલાઇન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશિષ્ટ બાળકોના અનેક પરિવારો આ વેબિનારમાં જોડાયા હતા. વેબિનારના આરંભે સ્વાત પ્રવચન કોચ આશાબેન ગોહિલે આપ્યું હતું. ત્યારબાદ પેરેન્ટ્સ એસોસિએશન, ઈન્ડિયાના ખજાનચી ભાનુભાઈ ચૌહાણે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સ્ટેટ પેરેન્ટ્સ એસો.ના પ્રમુખ ગંગારામભાઈ પટેલે પ્રેરણાત્મક ઉદબોધન આપ્યું હતું. કોચ મેઘનાબેન પટેલે સ્પેશિયલ ઓલિમ્પિક્સ અંગે રિવ્યૂ આપ્યો હતો. કોચ રોહિત ઠાકોર દ્વારા ખેલ મહાકુંભ અંગેની વિગતો આપવામાં આવી હતી. સ્પેશિયલ ઓલિમ્પિક્સ સ્ટેટ ઓફિસ દ્વારા બેડમિંટન અંગેની વિશદ માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના અંત ભાગમાં વાલીઓના પ્રતિભાવો પણ મેળવવામાં આવ્યા હતા. સ્પેશિયલ એથલિટ શુભ પટેલની સ્પીચ બાદ આભારદર્શન ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર જિજ્ઞેશ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પેથાપુર ખાતે પાયાની સુવિધા ઉભી કરવા જાગૃત નાગરીકે નાયબ કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત કરી

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ગામે આરોગ્યલક્ષી સેવાઓ સરળતાથી મળી રહે અને ઘર આંગણે થી બસ સેવા મળી રહે તે માટે વોર્ડ નં.૨ ના આપ પાર્ટીના ઉમેદવાર જય નવુજી વાઘેલા જિલ્લા નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

મળતી માહિતી મુજબ શહેર નજીક આવેલા પેથાપુર ગામ વર્ષો જુનુ છે. હાલના સમયે ૩૫ હજારથી વધુ વસ્તી ધરાવતા પેથાપુરમાં સરકારી દવાખાનું અસ્તિત્વમાં છે. પરંતુ દવાખાનાની યોગ્ય જાળવણીના કારણે ખંડેર હાલતમાં જોવા મળી રહ્યું છે. સરકારી દવાખાનાનો બિલકુલ ઉપયોગ થતો નથી. પેથાપુરમાં સરકારી દવાખાનું



નહી હોવાથી નગારીકોને ખાનગી હોસ્પિટલમાં જવુ પડે છે. પેથાપુરમાં સરકારી દવાખાનું ખુલે તો ૩૫ હજાર જેટલી વસ્તીને આરોગ્યલક્ષી સુવિધા મળી રહે તેમ છે. કોરોનાની ત્રીજી લ્હેર માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.ત્યારે પેથાપુર ખાતે પણ નાગરીકોની સુખાકારી માટે આરોગ્યલક્ષી સેવાઓ સુદ્રઢ બનાવવામાં આવે તેવી નાગરીકોની માંગ છે. ગાંધીનગર મહાનગર પાલિકાનો વિસ્તાર વધારવમાં આવતા પેથાપુર અને રાંધેજાનો મનપામાં સમાવેશ કરાયો છે. ત્યારે હાલ એસટી નિગમની બસ સેવા ૨૮-૨૯ બસ સ્ટેન્ડ સુધી જ છે. જો તે બસને ત્રણ કિલોમીટર પેથાપુર-રાંધેજા સુધી લંબાવવામાં આવે તો વિદ્યાર્થીઓ, અને મુસાફરોને રાહત થાય તેમ છે. ત્યારે પેથાપુરમાં આરોગ્યલક્ષી સેવા સરળતાથી મળી રહે અને બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે જય વાઘેલા દ્વારા નાયબ કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરાઈ હતી.

# શિક્ષણક્ષેત્રે આપેલું દાન શ્રેષ્ઠ છે : ડૉ. ચાવડા

## વાવોલ એમ.બી. પટેલ ખાતે નવનિર્મિત હોલનું લોકાર્પણ કરતા ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા

ગાંધીનગર, તા. ૧૪

વાવોલ એમ.બી. પટેલ વિદ્યાલય ખાતે આજે શાળામાં એક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી દેવેન્દ્રસિંહ ગોલે શાળામાં બીજા માળે તખુભા લક્ષ્મણસિંહ જેસંગજી ગોલ દ્વારા કાર્યકારી પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા તેમજ શાળાના ટ્રસ્ટીઓ મર્યાદીત સંખ્યામાં સોશીયલ ડીસ્ટન્સ સાથે



વિશાળ હોલ સંપૂર્ણ બાંધકામ કરી આપ્યો હતો. જેનું ડૉ. ધારાસભ્ય સી.જે. ચાવડાના હસ્તે લોકાર્પણ કરતાં બોલી રહ્યા હતા. શિક્ષણ ક્ષેત્રે આપેલું દાન શ્રેષ્ઠ દાન છે.

જાણીતા બિલ્ડર અને કોમ્પ્યુટર પ્રોજેક્ટ લેબ તથા લાયબ્રેરી હોલનું દાન આપ્યુ હતુ જેનું ડૉ. સી.જે. ચાવડાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કોંગ્રેસના પ્રવક્તા જયરાજસિંહ પરમાર, શહેરના હાજર રહ્યાં હતાં અને લોકાર્પણ કાર્યક્રમ પણ એકદમ ટુંકો રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાતા દેવેન્દ્રસિંહ ગોલનું ડૉ. ચાવડાના હસ્તે શાળ ઓઢાડી ફુલહાર કરી ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન પ્રગતિ મંડળના પ્રમુખ પૂર્વ ધારાસભ્ય પોપટલાલ પટેલે કર્યુ હતુ અને મંડળ તેમજ શાળાની શૈક્ષણિક કાર્યની રૂપરેખા આપી દેવેન્દ્રસિંહ ગોલ અને તેમના ભાઈ રામસિંહજી ગોલનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે મંડળના મંત્રી રઘુસિંહ ગોલ, સહમંત્રી અમરસિંહ ગોલ, ઉપ પ્રમુખ અશોકભાઈ પટેલ, ટ્રસ્ટી મંડળના મુકેશભાઈ પટેલ, વિનોદ રાઠોડ, રમેશભાઈ પટેલ, કચરાજી ગોલ, ચીમનભાઈ પટેલ, રામસિંહ ગોલ, પૃથ્વીભાઈ શાહ વિગેરે હાજર રહ્યાં હતા. આભારવિધિ દેવેન્દ્રસિંહ ગોલે કરી પોતાના જીવનમાં માતા-પિતાનો અને તેમના ભાઈ રામસિંહનો શાળાના શિક્ષકો વગેરેનો વિકાસમાં રહેલો ફાળો છે તેમ જણાવી સૌનો આભાર માન્યો હતો.

# ગુલમહોર અને ગરમાળાના સન્માનમાં 'ઝલક'માં છવાઈ હરિયાળી રચનાઓ!

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સાથે ગુલમહોર અને ગરમાળાને સીધો સંબંધ છે. ગાંધીનગરના માર્ગ પીળા ચટ્ટાક ગરમાળાના કારણે પીઠી ચોળીને ઊભેલી નવોઢા જેવા લાગે છે. ગુલમહોર અને ગરમાળાના વૃક્ષો ગાંધીનગર આવનાર આગંતુકોનું સન્માન કરે છે અને એટલે ગુલમહોર અને ગરમાળાના સન્માન માટે ગાંધીનગર સાહિત્યસભાએ જૂન મહિનામાં એમનાં ઈ મૅગેઝિન ઝલકમાં 'પ્રકૃતિ પર્વ' સાથે હરિયાળી રચનાઓ લઈને આવ્યું છે. ૩૦ સર્જકોએ એમની સ્વરચિત રચનાઓ ઉમળકાભેર મોકલી આપી હતી.

ઝલક ઈ મૅગેઝિનના સંપાદક કવિ શ્રી પ્રતાપસિંહ ડાભી 'હાકલ' પોતે વન વિભાગમાં સુદિર્ઘ સેવાઓ આપી નિવૃત્ત થયા છે એટલે સ્વાભાવિક રીતે એમને 'પ્રકૃતિ પર્વ' વિશે પ્રેમ હોય, આ સમગ્ર મેગેઝિનનું તેઓએ ખૂબ રસપૂર્વક સંપાદન કર્યુ છે. જ્યારે અજય રાવલ અને ડો. દિશા પોપટ સહ સંપાદક તરીકે સેવાઓ આપી અને આ ૭૫ પાનનો દળદાર ઈ મૅગેઝિન અંક પ્રકાશિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે જેમાં વૈવિધ્યસભર હરિયાળી રચનાઓ છવાઈ છે.

# જિલ્લાના નાગરિકો માટે નિઃશુલ્ક ઓનલાઈન યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી, જીલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા સાતમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અંતર્ગત કોવિડ ૧૯ના પ્રોટોકોલને ધ્યાને રાખી નિઃશુલ્ક ઓનલાઈન યોગ શિબિરનું તારીખ ૧૪/૬/૨૦૨૧ થી તારીખ ૨૧/૬/૨૦૨૧ દરમિયાન સવારે ૬.૩૦ થી ૭.૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ગુગલ મીટ એપ્લિકેશનમાં **https://meet.google.com/ujf-mmwx-yjb** લિન્ક થી જોડાઈ શકાશે. ગાંધીનગર જિલ્લાના તમામ નાગરિકોને આ શિબિરનો લાભ લેવા અનુરોધ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પરમાર વખતસિંહ રૂપસિંહ**, ઉ.વ. ૬૧, શિયાવાડા, દહેગામ
- **સ્વ. સિસોદીયા સતપાલસિંહ સવાઈસિંહ**, ઉ.વ.૪૧, સેકટર-૨૮
- **સ્વ. ઠાકોર કંકુબેન દોલાજી**, ઉ.વ. ૫૮, પેથાપુર

# શહેરના બાળકોનું બાળપણ લોકડાઉનમાં ખોવાયુ

## દોઢ-બે વર્ષના થયેલા બાળકો ઘરની બહાર સેટ જ થઈ નથી શકતા : બાળકોને હવે ઘરની બહાર જવુ જ ગમતુ નથી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર એટલે બાગ-બગીચાઓનું નગર. આ બાગ-બગીચાઓ હંમેશા બાળકોની કીલકારીઓથી ગુંજતા રહેતા હતા. પરંતુ કોરોનાના સમયમાં ઘરમાં જ રહેલા બાળકો આસપાસની ચીજવસ્તુઓ અને પ્રકૃતિથી સાવ અજાણ બની ગયા છે. ખાસ કરીને દોઢ-બે વર્ષના બાળકો માટે તો ઘરની બહારની દુનિયા સાવ અપરિચિત બની ગઈ છે.

કોરોનાની મહામારીએ બાળકો પર સૌથી વધુ અસર કરી છે. લોકડાઉનના કારણે ઘરમાં જ બંધ રહેલા બાળકોના માનસિક વિકાસ પર ખૂબ મોટી અસર કરી રહી છે. ગાંધીનગર બાગ-બગીચાઓનું નગર છે. અહીં લગભગ દરેક સેકટરમાં બગીચાઓ છે. આ બગીચાઓ હંમેશા બાળકોથી ભર્યા રહેતા હતા પરંતુ લોકડાઉનના સમયમાં આ બગીચાઓ બાળકો વિનાના સાવ સુમસામ બની ગયા હતા. હવે જ્યારે કોરોનાના કેસો ઓછા થયા છે ત્યારે માતા-



પિતા બાળકોને બહાર લઈને નીકળતા થયા છે. જે બાળકો મોટા છે તેઓ તો થોડાક સમય બાદ આ પરિસ્થિતિને સ્વીકારી લે છે પરંતુ સાવ નાના બાળકો કે જેમની ઉંમર હજુ દોઢ-બે વર્ષની છે તેમના માટે બહારની પરિસ્થિતિ અને કુટુંબીજનો સિવાયના અન્ય વ્યક્તિઓને સ્વીકારવા અઘરા બની રહ્યાં છે. તેમના માટે તો ઘરની ચાર દિવલો જ તેમની દુનિયા બની ગઈ હતી. માતા-પિતા અને દાદા-દાદી સિવાય તેમણે અન્ય સગા-સંબંધીઓને જોયા જ નથી. જોયા હોય તો માત્ર વીડીયો કોલ પર જ. આવા બાળકો માટે સગા-સંબંધીઓ, મિત્રો અને પાડોશીઓની દુનિયા સાવ નવી જ છે. તેમણે પ્રાણીઓ, પક્ષીઓ અને પ્રકૃતિના અન્ય રૂપો માત્ર ટીવીમાં જ જોયા છે. તેમને પ્રાણી સંગ્રહાલય કે અભ્યારણ્યમાં લઈ જઈને પ્રાણીઓ અને પક્ષીઓની દુનિયાથી અવગત કરાવવાનો સમય જ નથી મળ્યો. પ્રાણીઓ-પક્ષીઓ જોઈને નાના બાળકોને જે કુતુહલ થવુ જોઈએ તે કુતુહલ તેમને થતુ નથી.

શાળાઓ અને પ્લે ગ્રુપ બંધ હોવાથી તેઓ તેમની વયના બાળકોને અનુરૂપ બનતા શિખ્યા જ નથી. શાળાનું શિક્ષણ કેવુ હોય તેની તેમને જાણ જ નથી. હવે જ્યારે પર્યટન સ્થળે અને હરવા-ફરવાના સ્થળો ખુલી ગયા છે ત્યારે બાળકોને ધીમે ધીમે બહારની દુનિયાથી પરિચિત બનાવવા અને તેમના માનસિક વિકાસમાં સહાય કરવાની દરેક માતા-પિતાની ફરજ બની જાય છે.

## જન્મદિને વધામણી


મહેશ મોડ
મો. ૯૮૯૮૮ ૩૨૨૨૨


મહેશકુમાર એમ જાની
મો. ૯૮૭૯૪ ૮૪૪૫૬


સંજય બી પટણી
મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧



પ્રતિક પ્રવીણભાઈ પ્રણામી
મો. ૯૮૨૪૫ ૭૬૦૭૮



ડો. એકતાબેન પટેલ
મો. ૮૧૪૧૪ ૪૭૪૭૪
રેડક્રોસ સોસાયટી



ક્રિપાલસિંહ રાણા
મો. ૯૯૦૪૦ ૬૩૨૧૧
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ


હિરલ પંકજકુમાર બ્રહ્મભટ્ટ


મનન કેયુરકુમાર જયસ્વાલ


ઉલ્લાસબા મનહરસિંહ વાઘેલા


યશ પટેલ